
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



દિવાળીની લાઈટીંગ શરૂ નથી કરી... આ તો નવરાત્રીમાં પહેરેલ ચણિયા એ લોકોએ ધોયા છે...!!

# કર્મચારીઓના પડતર પ્રશ્નો મામલે રાજ્ય કર્મચારી સંકલન સમિતિ આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિએ સરકારની કર્મચારી વિરોધી નીતિ સામે આક્રોશ પ્રગટ કર્યો છે. અને સરકારની પોલંપોલ ખુલ્લી પાડી ૬ નવેમ્બરથી રાજ્ય ભરમાં ધરણા અને રેલી સ્વરૂપે આંદોલન શરૂ કરવામાં આવશે. જેના ગાંધીનગર ખાતેથી શ્રી ગણેશ કરવામાં આવશે તેમ સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

રાજસ્થાન અને ગુજરાતમાં એક જ પક્ષના બે મહિલા મુખ્યમંત્રી કાર્યરત છે. રાજસ્થાન સરકારે કર્મચારી પ્રત્યે હીતકારી જયારે ગુજરાત સરકારે કર્મચારી વિરોધી પ્રવૃત્તિઓ કરી છે. રાજયમાં સમયસર ભરતી ન થતા હાલ રાજયનો વહીવટ કથળ્યો છે. નિવૃત્તોને પુનઃ નિયુક્તિ આપી વહીવટ ચલાવાય છે પુનઃ નિયુક્તિ માં વ્હાલા દવલાની નિતી ભ્રષ્ટાચારીઓને જ તેજ જગ્યાએ પુનઃ નિયુક્તિ આપવામાં આવે છે ઉપરાંત કર્મચારીઓના પડતર પ્રશ્ન બાબતે સરકાર નિષ્ફળ નિવડી છે ત્યારે હવે ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિએ બાંયો ચઢાવી છે અને કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નોની માંગને લઈ આગામી ૬ નવેમ્બર ૨૦૧૫ના ગાંધીનગર ખાતેથી ધરણાની શરૂઆત કરવામાં આવશે તેમજ રાજયના તમામ જિલ્લા તાલુકા મથકે ધરણા અને રેલીના કાર્યક્રમ યોજાશે અને આગળના આંદોલનની રણનીતિ નક્કી કરવામાં આવશે.

# મોંઘવારીને નાથી અચ્છે દિનનો વાયદો પૂર્ણ કરવા કોંગીની માંગ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર કોંગ્રેસ દ્વારા મોંઘવારીને નાથવા અને પ્રજાને ચૂંટણી સમયે આપેલ અચ્છે દિનના વાયદાને પરિપૂર્ણ કરવા માટેના પગલાં લેવાની માંગ સાથેનું આવેદન-પત્ર જિલ્લા કલેક્ટરને આપવામાં આવ્યું છે.



કલેક્ટરને અપાયેલ આવેદન પત્રમાં સંગ્રહખોરી સામે આકરા પગલાં લેવાની માંગ સાથે દાળના ભાવ નીચે આવે તેમજ પ્રજાને મોંઘવારીમાં રાહત મળે તેવા પગલાં લેવા પણ જણાવાયું છે.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવેલ છે કે શહેર પ્રમુખશ્રી ડૉ. કૌશીક શાહની આગેવાની હેઠળ ભાજપ સરકારના ભ્રષ્ટાચારી કુ. શાસનમાં ગરીબો અને મધ્યમ વર્ગ માટે દાળ, કઠોળ, અનાજ તેમજ જીવન જરૂરીયાત ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચેલ છે. આ કારમી મોંઘવારીમાં જીવવું મુશ્કેલ ભર્યુ છે. મોંઘવારીના મારથી પીડાતી પ્રજાને બચાવા મોંઘવારી વિરૂદ્ધમાં કલેક્ટરશ્રી ગાંધીનગર તથા પુરવઠા અધિકારીને સવારે ૧૧.૦૦ કલાકે આવેદનપત્ર આપવાનું હતું તે પહેલા સેક્ટર-૬ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ યોજી સરકારની વિરૂદ્ધમાં સૂત્રચાર કરવામાં આવેલ છે. ત્યાર બાદ કલેકટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું. આ આવેદનપત્ર આપવામાં શહેર પ્રમુખશ્રી ડૉ. કૌશીક શાહ, શ્રી નીશિત વ્યાસ મહામંત્રી અને પ્રવક્તા પ્રભારી શ્રી અશ્વિનભાઈ



પરમાર, શ્રીમતિ ભાનુમતીબેન રોહિત, પ્રેમબા હાડા, શ્રી અશોક શ્રીમાળી, શ્રી હિંમતલાલ મેકવાન, ઝોન પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, મહામંત્રીશ્રી કે.પી. સોલંકી, વિજય સોલંકી, ચીમનભાઈ વિંઝુડા, શ્રીમતિ જશીબેન શ્રીમાળી, શ્રીમતિ વિમળાબેન વેગડા, શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ દેસાઈ, એન.ડી. પરમાર, હીરાભાઈ, મહેુલ પટેલ, હેનીશ રાઠોડ, મુકેશચંદ્ર, શ્રી રાકેશ જાની, વિરેન્દ્રસિંહ ઝાલા, મિત્તુલ જોષી, જશવંત પંડ્યા, રતિલાલ શ્રીમાળી, કોંગ્રેસના હોદેદારો, એન.એ.યુ.આઈ. યુવા કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ તથા કોંગ્રેસના આગેવાનો અને અનંત યાજ્ઞિક વગેરે મોટી સંખ્યામાં હાજર રહેલ.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમમાં આજે મલ્ટીપરપઝ હેલ્થ વર્કસનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપના આરંભે કર્મચારીઓએ તેમના પ્રશ્નો રજુ કરતાં તંત્રવાહકોએ દરમ્યાનગીરી કરી ઝડપથી ઉકેલવાની ખાત્રી આપી હતી.

● સચિવાલયના ગેટ નં. ૪ પાસેથી ખાનગી ગાડીમાં લવાતી દારૂની બોટલ સલામતી શાખાના અધિકારીઓએ પકડી હતી.

● રાજ્યમાં પંચાયતની ચૂંટણીઓ જાહેર થતાં જ તંત્ર હરકતમાં આવી ગયું છે.

● શાળાઓની પરીક્ષા સાથે વિવિધ વિભાગોની ખાતાકીય પરીક્ષાઓ પણ આ મહિનાના અંતમાં યોજાશે.

● ગાંધીનગરમાં આજે પણ ફાફડા-જલેબીની ઘરાકી સારી એવી રહેવા પામી હતી.

● ગાંધીનગર શહેરમાં વસતા બંગાળી પરિવારો દ્વારા દુર્ગાષ્ટમી પર્વની ઉજવણી નિમિત્તે સે. ૨૨ના રંગમંચ ખાતે ગઈકાલે રંગારંગનો કાર્યક્રમ યોજાયો હતો.

# નગરમાં ભંગારની લારીઓમાં આધુનિક ઉપકરણો જોવા મળે છે

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં દિવાળીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. શહેરના કેટલાક મકાનોમાં ગૃહિણીઓ સાફસફાઈ કરતી નજરે પડે છે. ગૃહિણીઓ અત્યારે દિન પ્રતિદિન આવતી નીતનવી ટેકનોલોજીનો ઉપયોગ કરતી થઈ છે ત્યારે ઘરની સફાઈ બાદ એક સમયના સ્ટેટ સિમ્બોલ ગણાતા અત્યંત આધુનિક ઉપકરણો ટીવી, ફ્રિઝ, વોટરકુલર, ડીવીડી, ઓવન સહિતની બિન જરુરી ચીજવસ્તુઓ ભંગારમાં વેચી દે છે. પહેલાના સમયમાં મહિલાઓ માત્ર પસ્તી, લોખંડ, પ્લાસ્ટીકની તુટી ગયેલી ચીજવસ્તુઓ વેચતી હતી. પરંતુ આજના સમયમાં જાણે ભંગારની વ્યાખ્યા બદલાઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. મોંઘા આધુનિક ઉપકરણો ભંગારના ભાવે



વેચતા પણ ગૃહિણીઓ ખચકાતી નથી.

નવરાત્રી બાદ દિવાળી અગાઉ ઘરની સફાઈમાં ગૃહિણીઓ મશગુલ થઈ જાય છે સફાઈ દરમિયાન ઘરમાં પડેલી નકામી ચીજવસ્તુઓનું વેચાણ ગૃહિણીઓ કરે છે જેમાં પસ્તી, પ્લાસ્ટીક, લોખંડની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે પરંતુ અત્યારના આધુનિક જમાનામાં પસ્તીની સાથે સાથે આધુનિક ઉપકરણો ભંગારમાાં વેચાતા હોવાથી આવા સાધનો ભંગારની ખરીદી કરતા વેપારીઓની લારીઓમાં નજરે પડે છે. વર્ષ દરમિયાન ખાલી રહેતી લારીઓ અત્યારે હાઉસફુલ હોય છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં નગરમાં ત્રણ લાખ કિલોથી પણ વધુ પસ્તીનું વેચાણ થઈ ગયું છે. દિવાળીના સમય દરમિયાન આ વેપારમાં તેજી જોવા મળે છે. નગરમાં સફાઈકામો ચાલતા હોય તેવા મકાનો આગળ વેપારીઓ ભંગારની ખરીદી કરતા નજરે પડે છે. શહેરની ગૃહિણીઓએ મોંઘેરા આધુનિક ઉપકરણો ભંગારમાં વેચી મારીને જાણે ભંગારની વ્યાખ્યા બદલી નાંખી હોય તેવું લાગી રહ્યું છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જીતવા ભાજપા સજ્જ : જાડેજા

ગાંધીનગર, તા. ૨૩

ચૂંટણીપંચ દ્વારા જાહેર કરાયેલા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી કાર્યક્રમને આવકારતા જણાવ્યું હતું કે ગુજરાત ભાજપા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પહેલેથી જ સજ્જ હતું. ભાજપાએ ચૂંટણી માટે જરૂરી તૈયારીઓ કરી લીધી છે અને ભાજપા આ ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવશે એમ ભાજપાના પ્રવક્તા આઈ. કે. જાડેજાએ જણાવ્યું હતું.

# શુભ-આશીષ સ્કીમનું અનોખુ 'લકી-કી' કેમ્પેનીંગ

### નવરાત્રી દરમ્યાન લકી-કી નું વિતરણ કરાયું ને દશેરાએ નસીબ અજમાવવા રૂ. ૭ લાખ, રૂ. ૫ લાખ અને રૂ. ૩ લાખ ભરીને મુકેલી સંદુક સાથે ચાવી લગાવી ડ્રો કરાયો

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદ પાલડી ચાર રસ્તા પાસે શુભ ગ્રુપની નવી સ્કીમ શુભ-આશીષ તૈયાર થઈ ગઈ છે. આ સ્કીમનું કેમ્પેનીંગ નવરાત્રી પર્વ દરમ્યાન અનોખા અંદાજમાં કરવામાં આવ્યું હતું. સ્કીમના ત્રણ પાર્ટનર્સ ઋષિકેશભાઈ ભટ્ટ, રાજેશભાઈ પટેલ અને કનુભાઈ પટેલની વિવિધ ટીમો શુભ-આશીષ સ્કીમની આસપાસની સોસાયટીઓમાં નવરાત્રી દરમ્યાન ફરી હતી અને 'લકી ડ્રો'નું વિતરણ કરવામાં આવ્યું હતું. માય એફ.એમ.ના માધ્યમથી આ લકી ડ્રોનો પ્રચાર કરીને દશેરાના દિવસે શુભ-આશીષ સ્કીમ ખાતે જે જે વ્યક્તિઓને 'લકી-કી' આપવામાં આવી હતી તેમને પોતાનું નસીબ અજમાવવા બોલાવવામાં આવ્યા હતા.

'લકી કી' સાથે અનેક વ્યક્તિઓ સ્કીમ પર આવ્યા જ્યાં ત્રણ મોટા સંદૂક મુકેલા હતા. એક સંદૂકમાં રૂ. ૭ લાખ રોકડા, બીજા સંદૂકમાં રૂ. ૫ લાખ રોકડા અને ત્રીજા સંદૂકમાં રૂ. ૩ લાખ રોકડા મુકેલા હતા. દરેક વ્યક્તિએ પોતાની 'લકી કી' સંદુક પાસે જઈને અજમાવી જેમાં ત્રણ નસીબના બળીયા આ લાખો રૂપિયાની રકમના હક્કદાર બન્યા હતા. પ્રથમ વિજેતા ખુશ્બુ દવેની ચાવી ૭ લાખ વાળા સંદુકમાં લાગી હતી. જ્યારે વિપુલ શાહની ચાવી ૫ લાખ અને રાકેશ પટેલની ચાવી ૩ લાખ વાળી સંદૂકમાં લાગી હતી. વિશેષ પ્રકારના શુભ-આશીષ સ્કીમનું આ કેમ્પેનીંગ અત્યંત રોમાંચથી ભરપુર રહ્યું હતું.




# માણસાના મંડાલી ગામમાં કાકાનુ ખુન કરનાર ભત્રીજાને આજીવન કેદની સજા

### ખાટલામાં સુતેલા વ્યકિતની આરોપીએ માથામાં કુહાડી મારી હત્યા કરી હતી

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના મંડાલી ગામમાં દરબારવાસમાં રાત્રિના સમયે ખાટલામાં સુતેલા એક વ્યકિતને માથાના ભાગે કુહાડી મારી જાનથી મારી નાંખવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે. દારૂના નશામાં ગાળો બોલતા ભત્રીજાને ઠપકો આપતા તેણે સગા કાકાને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

માણસા તાલુકાના મંડાલી ગામમાં રહેતા બળદેવજી હડીયોલે ગામમાં રહેતા તેમના ભત્રીજાને દારૂ પી ને ગાળો બોલવાના મામલે ઠપકો આપ્યો હતો. તેની અદાવત રાખી આરોપી રજુજી તા ૩૦ જુનના રોજ રાત્રિના ૧૧ કલાકે બળદેવજીના ઘરે ગયો હતો. જયાં ખાટલામાં સુતેલા બળદેવજીને તેણે માથાના ભાગે કુહાડીના ઘા માર્યા હતા. જેના કારણે તેમનુ કરૂણ મોત નિપજ્યુ હતુ. આ બનાવ સંદર્ભે મરનાર બળદેવજીના પુત્ર શૈલેષભાઈએ માણસા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. જયારે આ કેસ સંદર્ભે કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ.આ કેસ ગાંધીનગરની એડીશ્નલ ડીસ્ટ્રીકટ કાર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી.જેમાં તેમણે જણાંવ્યુ હતુ કે આરોપીએ મરણ જનારને ઉંઘતા કુહાડીના ઘા મારી નિર્દય હત્યા કરી છે.ઉંઘતા માણસેને બેરહેમીથી મારી નાંખવાનુ કૃત્ય અત્યંત ઘાતકી ગણાય જેથી આરોપીને સમાજમાં દાખલો બેસે તે માટે કાયદામાં દર્શાવ્યા મુજબ પુરે પુરી સજા થવી જોઈએ. જે દલીલો તેમજ ડોકટર ,એફ એસ એલના અધિકારી તેમજ તપાસ કરનારા અધિકારીની જુબાનીને ધ્યાને લઈ જજ ડી એમ વ્યાસે આરોપી રજુજીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

# ગાંધીનગરમાં આધુનિક ટેસલા લેબોરેટરીનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૩

શહેરના સે. ૨૫ સ્થિત ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ ખાતે ટેસ્ટીંગ કેલીબ્રેશન (ઈલેક્ટ્રો મિકેનીકલ અને ફલુઈડ કન્ટ્રોલ ડાયના મિક્સ) ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના સાથે ટેસલા લેબોરેટરીનું ઉદ્‌ઘાટન રાજના મુખ્ય સચિવ જી. આર. અલોરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જુદા જુદા ક્ષેત્રોના ઉદ્યોગકારો, અગ્રણી વેપારીઓ તથા શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભે ડાયરેક્ટર એલ.એસ. શર્માએ લેબોરેટરીમાં તાંત્રિક ઉપલબ્ધિઓ, ઉદ્યોગો અને સંસ્થાઓની સેવામાં ઉપયોગીતા તથા 'ઉર્જા બચાવો પાણી બચાવો' અંગેની યોજનાઓ અંતર્ગત પર્યાવરણની સુરક્ષા માટે વોટર મેનેજમેન્ટની મહત્વની માહિતી આપી હતી. ઓટો મોબાઈલ ક્ષેત્ર માટે ગુજરાત રાજ્યમાં આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે અને તેમાં ટેસલા લેબોરેટરી સહયોગી બનશે તેવી આશા પણ વ્યક્ત કરી હતી.

ટેસલા લેબોરેટરીના ઉદ્‌ઘાટન અને રાજ્યના મુખ્ય સચિવ જી.આર. અલોરીયાએ આજના યુગમાં ટેસલા જેવી લેબોરેટરીના સહયોગથી ઉત્તમ ગુણવત્તા સાથે ઉત્પાદિત થતી આઈટમોનુંસ્પર્ધાત્મક બજાર જોવા મળે છે. અને આ લેબોરેટરી રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ મદદરૂપ થશે તેમ જણાવ્યું હતું. અંતે ટેસલા લેબોરેટરીમાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર અંકિત જૈન દ્વારા તમામ મહાનુભાવો ઉદ્યોગકારોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સરદાર પટેલની જન્મ જયંતિએ પુષ્પાંજલિ કાર્યક્રમ

ગુજરાત વિધાનસભાના મકાન વિઠ્ઠલભાઈ પટેલ ભવનમાં પ્રથમ માળે આવેલ પોડિયમમાં સરદાર વલ્લભભાઈ પટેલના ૧૪૧મા જન્મદિવસ નિમિત્તે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનું માનનીય અધ્યક્ષશ્રીએ નક્કી કરેલ છે.

આથી શનિવાર તા. ૩૧-૧૦-૨૦૧૫ના રોજ સવારના ૯.૩૦ કલાકે પુષ્પાંજલિ આપવા માટ જાહેર જનતાને ઉપસ્થિત રહેવા ગુજરાત વિધાનસભાની યાદીમાં જણાવાયું છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ગુજરાત દીપોત્સવી અંકનું વિમોચન



ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્ય સરકારના માહિતી વિભાગ તરફથી જાણીતા અગ્રગણ્ય સાહિત્ય સર્જકોની નીવડેલી કલમે થયેલા સર્જનથી તૈયાર કરવામાં આવેલ દળદાર ગુજરાત દીપોત્સવી-૨૦૧૭નું આજે વિમોચન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે માહિતી વિભાગ દ્વારા વણથંભી વિકાસ યાત્રાની વિવિધ વિકાસગાથા વર્ણવતા વિશેષાંકનું પણ વિમોચન કર્યુ હતું.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી જી.આર. અલોરિયા, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જે.એન. સિંઘ, ઉદ્યોગના અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલ, માહિતી કમિશનર શ્રી એસ.બી. રાવલ, અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ આર. પટેલ, સંયુક્ત માહિતી નિયામક શ્રી પુલક ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ માહિતી ખાતાને આ સાહિત્ય સમૃદ્ધ ગુજરાત દીપોત્સવી અંકના પ્રકાશન માટે અભિનંદન આપ્યા હતા.

રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષની પરંપરા અનુસાર કલા, સાહિત્ય, ઈતિહાસ અને સાંસ્કૃતિક સંસ્કાર વારસાનું વહન ગુજરાત દીપોત્સવી અંક દ્વારા કરવામાં આવે છે. ગુજરાતના વાંચનપ્રેમી સાહિત્ય રસીકોમાં ગુજરાત દીપોત્સવી અંકની આગવી પ્રતિષ્ઠા ઉભી થયેલી છે અને લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યસર્જકો, ચિંતકો, વિવેચકો તથા વાંચનરસિક જનતા માટે ગુજરાત દીપોત્સવી અત્યંત સમૃદ્ધ સાહિત્યનો રસથાળ છે

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ